તારીખ: 9 ફેબ્રુઆરી, 2014

# કોંગ્રેસ પક્ષે છેલ્લા એક દાયકામાં સીબીઆઇનો કેવી રીતે દુરુપયોગ કર્યો

- અરુણ જેટલી

વિરોધ પક્ષના નેતા (રાજ્ય સભા)

સીબીઆઇના નિયામક શ્રી રણજિત સિંહાનું નિવેદન ઈકોનોમિક ટાઇમ્સમાં પ્રકાશિત થયું છે. તેમાં સત્ય બહાર આવ્યું છે. તેમણે જણાવ્યું છે કે ઈશરત જહાં કેસમાં અમિત શાહ વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હોત તો યુપીએ ખુશ થાત. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે સીબીઆઇને અમિત શાહ સામે કોઈ પુરાવા મળ્યા નથી કે ચાર્જશીટમાં તેમનું નામ ઉમેરી શકાય. સરકાર સામે પ્રતિકૂળ ટિપ્પણીઓ કરવાથી વિવાદનો વંટોળ સર્જાય તેવી અપેક્ષા હતી. સીબીઆઇ નિયામકે પછીથી એવી સ્પષ્ટતા કરી કે મારા નિવેદનને ખોટી રીતે ટાંકવામાં આવ્યું હતું. યુપીએ સરકારની મુદત પૂર્ણ થવાની તૈયારીમાં છે, ત્યારે તેમની આ સ્પષ્ટતા સીબીઆઈની કામગીરીમાં દખલ સમાન છે. સીબીઆઈના દુરૂપયોગ બાબતે ગંભીર તપાસની જરૂર છે.

પોલીસનો અને તપાસ એજન્સીઓ ઉપયોગ કરીને કેસો ઉપજાવી કાઢવા એ બાબત અસામાન્ય નથી. કટોકટી દરમિયાન લગભગ બે લાખ રાજકીય કાર્યકરો સામે એફઆઈઆર દાખલ થઈ હતી. કટોકટીની ઘોષણા દરમિયાન મિસા કાયદો લાગુ કરાયો અને અનેક નેતાઓની અટકાયત કરવામાં આવી હતી . પોલીસ દ્વારા નોંધાયેલી તમામ એફઆઈઆર મહદ અંશે સમાન હતી. અટકાયત કરવા માટે તેમાં કોઈ સબળ આધાર ન હતો.

વર્ષ 2004-2014ના સમયગાળા દરમિયાન યુપીએ દ્વારા સીબીઆઇનો કટોકટીની જેમ જ દુરૂપયોગ થયો. આ સમયગાળા દરમિયાન સીબીઆઈને સરકાર દ્વારા નિયંત્રિત કરવામાં આવી હતી અને શાસક પક્ષ દ્વારા પણ નિયંત્રિત કરવામાં આવી હતી. એક નરમ વ્યક્તિને સીબીઆઇ નિયામક તરીકે પસંદ કરવામાં આવી હતી. સીબીઆઇ સંસ્થા તરીકે નિયામક

દ્વારા ચલાવાય છે. સીબીઆઈ નિયામકના કિસ્સામાં નિવૃત્તિ બાદ તેમને નોકરી ઓફર કરવામાં આવી હતી. જેથી સીબીઆઈએ ઈશરત જહાં કેસમાં અમિત શાહને ફસાવવામાં ખાસ રસ લીધો હતો. તેના બદલામાં નિયામકને તેમની નિવૃત્તિ બાદ જામીયા મિલીયા ઈસ્લામીયાના ઉપ કુલપતિ તરીકે નિમવામાં આવ્યા હતા. અખબારી અહેવાલોમાં પણ તેમને સીવીસીના તકેદારી કમિશનર નિમણૂક માટે સૂચવવામાં આવ્યા હોવાનો ઉલ્લેખ છે.

મેં તાજેતરમાં વડાપ્રધાનને એક વિગતવાર પત્ર લખ્યો હતો કે હું અમિત શાહ, ગુલાબ કટારિયા અને રાજેન્દ્ર રાઠોડ જેવા વરિષ્ઠ ભાજપના નેતાઓને સીબીઆઇ દ્વારા ખોટી રીતે ફસાવવામાં આવ્યા તેની માહિતી આપી હતી. તેઓને કેવી રીતે ફસાવવામાં આવ્યા તેના સંપૂર્ણ કારણોનો ઉલ્લેખ મેં પત્રમાં કર્યો હતો. અમિત શાહના કેસમાં હાઇ કોર્ટ દ્વારા તેમને જામીન આપતી વખતે તેની સામે કોઈ પ્રથમદર્શી કેસ ન હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ગુલાબ કટારિયા સામે આ કેસ સ્પેશિયલ જજ દ્વારા તેમના આગોતરા જામીન મંજૂર કરતી વખતે એવો જ ઉલ્લેખ કરેલો. રાજેન્દ્ર રાઠોડ કિસ્સામાં સ્પેશિયલ જજ દ્વારા એવું જજ દ્વારા એવું જ કહેવામાં આવ્યું હતું. તેનાથી વિપરીત, યુપીએ સરકાર સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીના બાહ્ય ટેકા સાથે સત્તામાં આવી હતી. તે બંને પક્ષોના ટેકાના બદલામાં તેઓને ટોચના નેતાઓ અપ્રમાણસર અસ્કયામતોના સીબીઆઇના કેસોની તપાસમાં રાહત મળી હતી.

સીબીઆઇના નિયામકે કરેલું નિવેદન પછીથી ફેરવી તોળવામાં આવ્યું તે બાબત મામૂલી છે. યુપીએ સરકાર દ્વારા સીબીઆઇનો દુરૂપયોગ કરાયો હોવાની બાબતે દળદાર પુરાવા ઉપલબ્ધ છે.